નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતા હેઠળની મદદનીશ શિક્ષક(વર્ગ.૩)ની જગ્યાઓની કેડર સ્ટ્રેન્થ વધારવા તથા તેનો સમાવેશ ભરતી કેલેન્ડરમાં કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ મકમ/૧૧૨૦૧૭/૩૦૫૬૯૧/અ,
સચિવાલય, ગાંધીનગર.
તા. /૮/૨૦૧૮

3 - AUG 2018

વંચાણે લીધાઃ-

(૧) સા.વ.વિ.ના તા.૩/૨/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃઆરએસકે/૧૦૨૦૧૪/૨૩૦૦(૨૧)/આર.

(૨) સા.ન્યા.અને અ.વિ.ના તા.૨૫/૪/૨૦૧૭ના ઠરાવ ક્રમાંકઃઅનસ/૧૦૨૦૧૭/ન.બા.૧૬૯/અ.૧

(૩) સા.ન્યા.અને અ.વિ.ના તા.૨૫/૪/૨૦૧૭ના ઠરાવ ક્રમાંકઃઅનસ/૧૦૨૦૧૭/ન.બા.૧૭૦/અ.૧

(૪) નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતાના તા.૨૨/૫/૨૦૧૭ના પત્ર ક્રમાંકઃ વિજાક/ મકમ/૨૦૧૭-૧૮/૧૦૬૧

(૫) તા.૨૮/૬/૨૦૧૮ના રોજ અ.મુ.સ.શ્રી(નાણાં) ના અધ્યક્ષસ્થાને મળેલ ૧૦ વર્ષિય ભરતી-કેલેન્ડર અન્વયે મળેલ સ્થાયી સમિતિની બેઠકની કાર્યવાહી નોધ.

આમુખ-

સામાન્ય વહીવટ વિભાગ ધ્વારા વંચાણે લીધા ક્રમાંક(૧) હેઠળના તા.૩/૨/૨૦૧૪ના ઠરાવથી ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર બહાર પાડવામાં આવેલ, આ ઠરાવથી મદદનીશ શિક્ષક,વર્ગ.૩ સંવર્ગની કેડર સ્ટ્રેન્થ ૨૮૬ નકકી કરેલ છે. વંચાણે લીધા ક્રમાંક(૨)માં દર્શાવેલ વિભાગના તા.૨૫/૪/૨૦૧૭ના ઠરાવથી મદદનીશ શિક્ષક,વર્ગ.૩ સંવર્ગની નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતા હસ્તકની અગરિયા માટેની આદર્શ નિવાસી શાળાઓ(સામાન્ય પ્રવાહ)માં ધોરણ-૯ ના વધારાથી ૧૦ જગ્યા મંજૂર કરેલ છે. વંચાણે લીધા ક્રમાંક(૩)માં દર્શાવેલ વિભાગના તા.૨૫/૪/૨૦૧૭ના ઠરાવથી નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતા હસ્તકની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત

વર્ગો માટેની આદર્શ નિવાસી શાળાઓ(સામાન્ય પ્રવાહ)માં ધોરણ-૯ ના વધારાથી ૫૬ જગ્યાઓ મંજૂર કરેલ છે. આ મંજૂર થયેલ જગ્યાઓનો મદદનીશ શિક્ષક,વર્ગ.3 સંવર્ગની મંજૂર થયેલ કેડર સ્ટ્રેન્થમાં સમાવેશ કરવા અંગે વંચાણે લીધા ક્રમાંક(૪) માં દર્શાવેલ નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતાના તા. ૨૨/૫/૨૦૧૭ના પત્રથી દરખાસ્ત કરવામાં આવી હતી. વંચાણે લીધા ક્રમાંક(૫) થી સદરહુ દરખાસ્ત સામાન્ય વહીવટ વિભાગ મારફત અધિક મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૨૮/૬/૨૦૧૮ના રોજ ભરતી કેલેન્ડર માટે યોજાયેલ સ્થાયી સમિતિની બેઠકમાં રજૂ કરવામાં આવેલ જેને ઉક્ત સમિતિ દ્વારા મંજૂર કરવામાં આવેલ છે, જે ધ્યાને લઇ નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાના અંતે નિયામકશ્રીએ કરેલ દરખાસ્ત અન્વયેની ૬૬ મદદનીશ શિક્ષક વર્ગ-3 ની જગ્યાઓને હાલની મંજૂર થયેલ ૨૮૬ મદદનીશ શિક્ષકની જગ્યાઓમાં સમાવેશ કરતાં મદદનીશ શિક્ષક, વર્ગ-3 ની કુલ કેડર સ્ટ્રેન્થ ૨૮૬ થી વધારીને ૩૫૨ નકકી થયાનું ઠરાવવામાં આવે છે. મદદનીશ શિક્ષક, વર્ગ-3 ની તમામ જગાઓ સીધી ભરતીથી ભરવાની થતી હોઇ ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડરમાં આ સાથે રાખેલ બિડાણના પત્રક અનુસાર ફેરફાર કરવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની અને સામાન્ય વહીવટ વિભાગની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ભાવિન પટેલ)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

બિડાણઃ સુધારેલ ભરતી કેલેન્ડરનુ પત્રક

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ-૨, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ , ગુજરાત રાજય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, 'ર' શાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, 'ઝ.૧' શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, (સા.ન્યા.) સચિવાલય, ગાંધીનગર.
- ના.સે.અધિ.શ્રી સિલેકટ ફાઇલ.
- શાખા સિલેકટ ફાઇલ

ઠરાવ ક્રમાંકઃ મકમ/૧૧૨૦૧૭/૩૦૫૬૯૧/અ, તા.૩/૮/૨૦૧૮ના બિડાણનુ પત્રક

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તાબા હેઠળની નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતાની મદદનીશ શિક્ષકની કેડર સ્ટ્રેન્થ ૩૫૨ નુ સુધારેલ ભરતી કેલેન્ડર.

| સંવર્ગ | કુલ કેડર સ્ટ્રેન્થ | રીવાઇઝડ કેડર સ્ટ્રેન્થ | કેડર સ્ટ્રેન્થમાં વધારો/ ઘટાડો | હાલ ખાલી જગ્યા ઓ | બઢતીના કારણે ખાલી પડેલ જગ્યાઓ | નિવૃત્તિના કારણે ખાલી પડેલ જગ્યાઓ | સીધી ભરતીની ખાલી જગ્યાઓ | ભરવાની જગ્યાઓ | | | | | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | ૧ વર્ષ ૨૦૧૪ | ૨ વર્ષ ૨૦૧૫ | ૩ વર્ષ ૨૦૧૬ | ૪ વર્ષ ૨૦૧૭ | ૫ વર્ષ ૨૦૧૮ | ૬ વર્ષ ૨૦૧૯ | ૭ વર્ષ ૨૦૨૦ | ૮ વર્ષ ૨૦૨૧ | ૯ વર્ષ ૨૦૨૨ | ૧૦ વર્ષ ૨૦૨૩ | |
| મદદનીશ શિક્ષક | ૨૮૬ | ૩૫૨ | ૬૬ (વધારો) | ૧૬૯ | ૨૦ | ૨૦ | ૨૭૫ | ૬૫ | ૬૫ | ૧૦ | ૧૦ | ૫૬ | ૨૦ | ૨૦ | ૧૦ | ૧૦ | ૦૯ | ૨૭૫ |